ૐ શ્રી ગણેશાય નમઃ

સતયુગ.

ભાગ ૧ લો.

રચનાર,

શ્રી નર્મદાશંકર નારાયણ વડનગરા

મુ. અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શા. ચીમનલાલ વલ્લભદાસ.

મુ. અમદાવાદ.

આવૃત્તિ ૧લી. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૬૮. સને ૧૯૧૨.

શ્રી જૈન વિદ્યાવિજય પ્રેસમાં શા. ચુનીલાલ અમથાલાલે છાપ્યા

રીચીરોડ—અમદાવાદ.

કીંમત છ પાઇ.

ગૌમાતાની રક્ષા કરો,
તોજ હીંદમાં થાશે તરો.

અંતરયામી પરમાત્મા આ લઘુ પુસ્તક વાંચવા સાંભળવા, સંભળાવવા પ્રયત્ન લે તેનો શ્રમ વૃથા ન જતાં તેના હૃદયમાં પરમાર્થ બુદ્ધિ અને ભગવત આવેશ પ્રાપ્ત થાઓ એવી સઘળાંની વતિ પ્રભુ પ્રાર્થના છે.

ॐ શ્રી ગણેશાય નમઃ

સતયુગ.

ભાગ ૧ લો.

સમય,— ગાયન.

રાગ–શ્રી દેશી નાટક–સતિ દ્રૌપદી ઓત્તરાનું–સણા સ્વમ.

આ ભરતભૂમિ ભગવાનતણી,
એના પાલક સાચા જગતધણી;
દીનબન્ધુ નજર કરો દીનમણી,
ઝટ જન મન વળે સતયુગ ભણી.
બ્રાહ્મણ કર્તવ્યે ભ્રષ્ટ થયા,
વૈશ્યો વણજે અસત્ય વહ્યા;
શૂરા ક્ષત્રી પ્રભુધામ ગયા,
શુદ્રોમય સઘળા બની રહ્યા.
ટુંકામાં સૌ વૃત્તાંત કહ્યા,
કળીયુગના દીન કેમ જાય સહ્યા.
સતયુગ હવે શી યુક્તિએ થાય,
કળીયુગ નીરમુળ થઈ ક્યારે જાય;
પહેલા ઇશ્વરના પંથ પળાય,

ત્યારે સતયુગ શાન્તિએ ભળાય—સતયુગ૦
વળી સૂર્યઉદય પ્હેલા જાગો,
પ્રભુ ભક્તિ વ્હેવાર રહી માગો;
ઉર દુરમતિને ઝટપટ ત્યાગો,
સુમતિ અભ્યાસ વિશે લાગો.—વળી૦
નિજ ધર્મ વિશે ખંતે વળગો,
સૌ અનાચાર કરીને અળગો;
શુભ સતસંગનો ઉમળકો,
તન મન ચીદઘન ચૈતન ચળકો—નિજ ધર્મ૦
કળિયુગ એ શું છે તે જાણો,
છે ભરતખંડ એ વેરાણો;
નીતિ ખંડન કરે રહી શાણો,
ચોગરદમ સૌથી ઘેરાણો.—કળિયુગ૦
કળિયુગની તમાકુ દાસ બની,
એણે મતિ ભ્રષ્ટ કરી સૌની;
ખરાબી કરી રહી તન મનની,
સૌ સરકરી આ સંગે નીચની—કળિયુગ૦
કોઇ ખાય પીએ સુંઘે ભાવે,
એ કુમતિ બળ તાણી લાવે;
વીષ વીકાર બીજ ઉરમાં વાવે,
એના વશ વીરલા શૂરા નાવે.—કોઇ૦

નર ધારે તો નારાયણ થશે,
એકદમ તમાકુ જો દૂર જશે;
ઉર નવીન શૂરાતન નીપજશે,
સાડાત્રણ દિવસમાં સુજશે.—નર૦
પરનારી પર નવ નજર કરો,
થઇ સચેત એ વૃત શીર ધરો;
પરધન પર પ્રીતીએજ મરો,
છે સત્ય વાણીમાં સકળ તરો.—પરનારી૦
ચક્ષુ તપ પ્રભુ મુરતી જોયે;
કુદ્દષ્ટીએ જીવન ખોયે;
પ્રભુ મળશે પ્રભુ મુરતી મ્હોહ્યે,
પરદારા મોહ્યે તુ રોયે—ચક્ષુ તપ૦
શ્રવણ તપ પ્રભુ કીર્તિ સુણે,
શુભ વિચાર શબ્દો મન્ન ગણે;
સત પંથે આફત અધર હણે,
સ્વે શ્વાસે તારક મંત્ર ભણે.—શ્રવણ તપ.
વાણી તપ પ્રભુ સ્મરણ સંગે,
જેને સંત જપે છે ઉછરંગે;
રહે અભય આનંદીત ઉમંગે,
અવિનાશી ભકતીના ઢંગે—વાણી તપ૦
હાથોનું તપ કાંઇ દાન કરે,

પ્રભુ નામની લેખણુ સહી ધરે;
ગૌ વીપ્ર ધરણી પ્રણામ વરે,
સંસાર સાર સુમતી સંઘરે.—હાથોનું તપ૦
ચરણોનું તપ પરકાજ કરે,
વળી તીર્થાટનપર કદમ ધરે;
કુપંથ જતાં પ્રભુ હીંમત હરે,
ગૌરક્ષા શક્તિ સદા સંઘરે.—ચરણોનું તપ૦
આળસ તજીને ઉદ્યમ કરવો,
નીત્ય સત્ય નફાને સંઘરવો;
આ ભવનીધી હોયે તરવો,
તો સદાચારને શીર ધરવો.—આળસ૦
જે સમય જાય તે છે કીંમતી,
ઠગણી પ્રભુ માયા છે ભમતી;
એ વીર જનને પાયે નમતિ,
કુછંદી ઉરમાંહે રમતી.—જે સમય૦
કરીયાં છે આજ સુધી પાપો,
પણ કાલથી એનું મૂળ કાપો;
ઇશ્વરના ન્યાયને ઉર છાપો,
ઉઘડે અંતર નીરભય ઝાંપો.—કરીયાં છે.
છે વૃથા વાણી ચોખ્ખો ટોટો,
જે મૌન રહે એ જગ મોટો;

વિવાદ કરે ખોટો ખોટો,
એની બુદ્ધિ વિશે વળતો ગોટો--છે વૃથા.
જેની ભાગ્યદશા હોયે નબળી,
કરવી ધારે જો તે સબળી;
ઉઠી પ્રાતઃ સમે પ્રભુજીને લળી, ૧
જાય મનોવૃત્તિ હરીશરણુ વળી.—જેની૦
સતયુગ જાણે ઝાઝું જીવશે,
કળિયુગના આધીન ઝટ મરશે;
ન કલંક હીંદુપદને ધરશે.
તે દેખી પરાક્રમ કળી ડરશે.—સતયુગ૦
જેનો પૂર્વનો પુન્યોદય જાગે,
એ સત સંગત હરખી માગે;
પોષણુ અર્થે પ્રપંચ ત્યાગે,
નીત વણુજ વેપારે એ લાગે.--જેનો૦
જેણે માતાપીતા આશીષ લીધી.
એને સ્વર્ગતણી સીડી સીધી,
એના આધીન રહે રીદ્ધી સીદ્ધી;
એના તાપ ટળી જાય ત્રીવીધી—જેણે૦
જો અવીચળ સુખની આશ કરો,
તો સુખ દુઃખ સકળ સમાન ધરો,
પ્રભુ ભક્તિ શીરના સાટે વરો;

કરો હરીસ્મરણુ ધન તોજ તરો—જો અવિચળ૦
જનમ્યું એ નક્કી જાવાનું.
શુભ કરણી કીર્તીપદ રહેવાનું,
મુઆ પછી ફોકટ સૌ થાવાનું;
પુન્ય પાપ અગાડી ધાવાનું—જનમ્યું૦
આ મનુપદેહ મોંઘો મળીઓ,
પ્રભુ પુર જાયે સૌથી બળીઓ,
જેને કામ ક્રોધ રાક્ષસ હળીઓ;
એ લખચોરાશીમાં ગળીઓ—આ મનુ૫૦
જગની જંજાળે જે ભૂલ્યા,
એ સમય ગાળી ફોગટ ડૂલ્યા,
રહી ચાર દીન નાહક ફૂલ્યા;
પછી જમબંધન વચ્ચે ઝૂલ્યા—જગની૦
જેને ગોરક્ષા ઉમંગ થશે,
એનામાં સાચું વીરત્વ હશે,
એનાં વિઘ્નો અદ્ધર ઉડી જશે;
હશે નિરબળ પણ બળ મેળવશે—જેને૦
ગૌસેવા બળે ગોપાળ બન્યા,
જય કૃષ્ણુ પ્રભુ સઉ જપી રહ્યા,
ભૂપાળ જગત ભરવાડ થયા;
વળી કંસ જેવા મહા મ્લેચ્છ હણ્યા—ગૌ સેવા૦

હીંદમાં રહેનાર સૌ હીંદુ છે,
એમાં ભેદ કરે તે મુરખ છે,
સર્વેનો ધર્મ એક સત્યજ છે;
જ્યાં સત્ય નહીં ત્યાં ગત્યજ છે—હીંદમાં૦
હીંદમાત ખરી પર નજર કરો.
મહા પ્રબળ જુઓ પોશણ સંગરો,
સૌ પાલક શ્રૃષ્ટી લક્ષ ધરો;
એની દીકરી ઉપર અટકાવો છરો—હીંદમાત૦
જેણે દૂધ દહીં ઘી ભંડાર ભર્યા,
મનુષ સુખ માટે દેહ ધર્યા,
એણે નીર્બળ ને મહા પ્રબળ કર્યા;
એની શીર સાટે જે સેવ વર્યા—જેણે૦
શુભ વિચારમાં જીવન ઝાઝું.
પરમારથ તાજામાં તાજું,
જો ગૌરક્ષા કરતાં લાજું;
તો જ્યાં જાઉં ત્યાં તો દાઝું—શુભ૦
હવે જુઓ શરીરમાં શું સાચું,
મરવું પાકું બાકી કાચું,
એવા અલ્પજીવને શું રાચું;
ધીક નારી નખરાપર નાચું—હવે જુઓ૦
કોઇ અધરથી શ્વાસ ચલાવે છે,

ક્યાં જાય અને ક્યાં આવે છે,
ભલ ભલાને એ હરાવે છે;
એનો પાર કહો કોણ લાવે છે—કો૦
થયા હીંદ ભૂમિના પાલનહાર.
પીતા વચન પાળીઆં વનમોઝાર,
દશરથ સુત રામ સૂર્યનો સાર;
ધનુષ ધરી કરી ધર્મની વ્હાર—થયા હીંદ૦
થશે કૃષ્ણ જેવા કોણ બ્રહ્મચારી.
ફણીધર મૂરલીધર ગીરીધારી,
ભક્તોની વ્હારે કંસારી;
આકર્ષણ ભૂ વ્રજ નરનારી—થશે૦
જે રાજાના મહારાજ બન્યા,
એ બન્યા બન્યા હજુ બન્યા બન્યા,
જેણે સમજી એના મંત્ર ભણ્યા;
એ વીરમંડળ માંહે ગગડયા—જે રાજાના૦
સાગરપર પથ્થર પટકીને,
ચાલ્યા ભવનીધીપર નવ અટકીને,
રાવણ મારણ કુળ ઝટકીને;
ધન્ય એ નર લીલા ચટકીને—સાગર૦
એ સૂર્યવંશી ક્ષત્રીજાયા,
એની ભૂમંડળ છાઇ છાયા,

જર૮૫

બેનરે કરી વનચર માયા,
લંકા ગઢ ધનુષ ધરી ધાયા—એ૦
પૃથ્વી સર કરી દેશે આવ્યા,
એક મ્હા બળીઓ વાનર લાવ્યા,
જેણે સતિઆ આત્મા હરખાવ્યા,
અંજનીસુતે અસુરોને હંફાવ્યા—પૃથ્વી૦
થયા રાજાના મ્હારાજા એ,
વળી ધર્મની પૂરણ માઝા એ,
સંત સતિઓના મલાજા એ;
એ સત્ય પરીબળ ઝાઝા એ—થયા૦
પ્હેલાં નીજઘર સતયુગ વરતાવો,
ભય પ્રીતીએ કબજે લાવો,
સંસારી બની લઈ લ્યો લ્હાવો,
છે નીતી મહીમા જગ ચાવો—પ્હેલાં૦
સત્યનો એક પૈસો શું કરતો.
કુડા કોટીપતિનું ધન હરતો,
વળી ત્રીભૂવનમાં નીરભય ફરતો;
નવ બે પૈસા ગરજ ધરતો—સત્ય૦
મદ્ય મંસ અહારી હવે મરશે,
ત્યારે સાચો સતયુગ ઠરશે;
ધરણી નર હીંદુ પદ ધરશે;

કીરતાર સમય એવો કરશે—મદ્ય૦
મદ્ય મંસ અહારી જન કેવા,
હીંન્દુ પણુ તે રાક્ષસ જેવા,
જાણો નર્ક નગરના જીવ તેવા;
હજુ છે ભૂમાં કળિયુગ એવા—મદ્ય૦
આ ભરતભૂમિ હવે ચડતી જશે
પાપી દુષ્ટોની પડતી થશે,
એવો સત્ય ભાણુ જ્યારે ઉગશે;
જોઇ મલીન જીવ થરરર ધ્રૂજશે—આ ભરત૦
જે ચતુર હશે તે ચેતો ચટ,
કળિયુગ જીવ કટશે કટકેકટ,
માટે સાવધ થાશો સૌએ ઝટ;
હવે પ્રભુના ફટકા પડશે ફટ—જે૦
સતયુગ સાર અર્પણુ કરતો.
સદા સઘળાંને નમન કરતો,
શ્રી હરીએ સુઝાડયું એ ધરતો;
નર નારાયણુ ભક્તિ ઠરતો—સતયુગ૦

અપૂર્ણ.

એક રમુજી ટુંક વાર્તા.

રાઈના ભાવ રાત્રે ગયા.

પુર્વે કોઇક નગરમાં એક બુદ્ધિશાળી વણિકના ઘેર ચોર લોકો ખાતર પાડવા ગયા, પરંતુ વણીકપત્ની બહુજ સાવધ થઇ પોતાના પતિને ચોર લોકો ન જાણે તેવી રીતે જગાડયા ને સમશ્યાએ સમજાવ્યા, ત્યારે વાણીએ પણ સમયસૂચકતા વાપરી. પછી એકદમ જાગવાનો ઢોંગ કરી કહ્યું કે–સાંભળ્યું? એટલામાં શેઠાણીએ કહ્યું, કેમ? ત્યારે શેઠે કહ્યું, ઓલ્યા રાઇના કોથળા કયાં રાખ્યા છે, શેઠાણીએ કહ્યું એતો ભૂલમાં બ્હાર રાખ્યા છે. ત્યારે શેઠે કહ્યું તમે બહુ ખોટું કર્યું, કાલે દેશાવરથી ચીનથી સમાચાર આવ્યા છે કે રાઈમાંથી સોનું શોધવાની શોધ કાઢી છે, માટે રૂપીઆની રૂપીઆભાર લેખે કાલથી બજારમાં રાઇ થવાની છે માટે જો મોડા ઉઠીશું તો આપણા કોથળા ગામના વાણીઆજ લુંટી જશે, માટે મને વ્હેલો ઉઠાડજે. શેઠાણીએ કહ્યું વારૂ, એમ કહી સૂવાનો ઢોંગ કરી

અંને સુતાં. ચોરે વિચાર કર્યો કે જે છે તે પેલા કોથળા બ્હાર અગળ જોયા તેમાં છે માટે તેજ ઉપાડી ચાલો. એમ કરી કોથળો રાતોરાત ઉપાડી ગયા.

શેઠના ઘરાકમાંથી તે કોથળા સાધારણ પૈસામાં આવ્યા હતા એવા કોથળા ઉપાડી ચોરો ઘેર ગયા ને તે બીજા કે દશમા દીવસે બજારમાં ગાડું ભરી વેચવા આવ્યા, ગામમાં લોકો તેઓને બનાવવા લાગ્યા કે રૂપીઆની રૂપીઆભાર રાઇ તે લેવાય ! અહીં તો પૈસાની સમણ લેખે પણ કોઇ લેતું નથી, તારે ગાલ્લાનો રૂ. ૧ા લેવો હોય તો લાવ, એવું સૌ કહેવા માંડયા. ત્યારે ચોર લોકો વાણીએ ઠગ્યા કે શું એમ વિચાર કરી પાછા તેજ વાણીઓ કે જે બુદ્ધીશાળી હતો તેનાજ મોહોલામાં જઇ રાઇ વેચવા ગયા એટલે તેજ શેઠે કહ્યું કે સવા રૂપીઓ ગાલ્લાનો આપું. ત્યારે ભાડાનું ગાલ્લું પાંચ રૂપીઆનું મોટી આશાથી કરી લાવેલા. તે પણ માંથે પડવા જેવું થયું. ત્યારે વાણીઆપર ચોરોનું ગુસ્સાનું માર્યું બોલાઇ જવાયું કે ત્યારે શેઠ રાતે તો રૂપીઆની રૂપીઆભાર લેખે રાઈનો ભાવ બોલ્યા હતા. એટલે શેઠે કહ્યું. ઠાકોર એતો રાઇના ભાવ રાતે ગયા, અને અત્યારે નવા ભાવ થયા; શેઠને ઝાઝું નુકશાન થયું ન્હોતું એટલે વાણીઓ ગમ ખાઇને બોલ્યોજ નહીં, ચોરે

જાણ્યું આવા અક્કરમીના ઘરમાં ખાતર પાડયું તેથી મુંડીનાએ ગયા, એમ કહી પાછા કોથળા શેઠના આંગણે પટકી જતાનું ભાડું માંથે પડે માટે મુંગે મુંગા નાઠા. માટે સત્યની લક્ષ્મીને ચોર લુંટી જાય તે આ ભવમાં કાંતો પરભવમાં રાઇની માફક ઘેર બેઠે આપીજ જાય.

સતયુગ.

ભાગ ૨ જો.

ભક્તીયોગ.

રાગ સ્વદેશી—નાથ કેસો ગજકો બંધ છોડાયો.

મન હંસા ભક્તિમોતી તું ચરજે;
સૃષ્ટીપર નીરભય ફરજે—મન હંસા૦
શુભ કરણીએ સમય જાય એ ધરણીએ પગ ધરજે,
આ સંસારે હરતાં ફરતાં સ્મરણ પ્રભુનું સંઘરજે.—મન૦
વૃથા વિવાદો પડતા મુકી નીતીની લવના લવજે;
ચીદ્‌ઘન ચેતન અખંડ જ્યોતીનું ભાન હૃદયમાં ભરજે—મન૦
જગની માયા તને ન લુંટે એ કારજ તું કરજે;
ઝેરી વૃત્તિઓ કબજે કરીને દેહનું સાર્થક વરજે—મન૦
ગૌમાતાની રક્ષા કરવા તારાની માફક ખરજે;
થંભેથી પ્રલ્હાદને ભેટે નારાયણનો નર જે.—મન૦

(અપૂર્ણ).

સતયુગ બીજો ભાગ (ભક્તીયોગ) હવે પછી બહાર પાડવામાં આવશે.